RESEARCH REVIEW JOURNALS
Volume-1
Issue-10
October-2016
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com

# ગીતાના ઉપાસક ગાંધીજી

**ડૉ. દિનેશ કે. ભોયા**
*મહિલા આર્ટ્સ કૉલેજ, મોતીપુરા, હિંમતનગર*

વિશ્વવિભૂતિ કહી શકાય એવા ગાંધીજીની યાત્રા સૂક્ષ્મથી વિશાળતા તરફની સફળતાનું મૂળ કારણ સારા પુસ્તકોનો પ્રભાવ એમના વ્યકિતત્વ પર ઝીલાયો છે. ભારતીય સંસ્કૃતિનું પૂજ્ય પુસ્તક અંગેના ગાંધીજી વિચારો વ્યક્ત કરે છે. ગાંધીજી કર્મયોગી હતા. ગીતાના મહાન ઉપાસક હતા. ૨૦ વર્ષની ઉંમરે ગીતાના પ્રથમ પરિચયમાં આવ્યા ત્યારથી ગીતાની હિન્દુધર્મના એક ઉત્તમ ગ્રંથ તરપીકે તેમના પર ઊંડી અસર પડી હતી. તેમણે ત્યારબાદ ગીતાના અનેક ગ્રંથો વાંચ્યા, તેના પર વિચારતા રહ્યા અને સતત ૪૦ વર્ષ સુધી ગીતામાં પ્રરૂપેલા મૂળભૂત સિંદ્ધાંતોને અનુસરતાં અનુસરતાં તેમણે ગીતા વિશેના વિચારો આપણી સમક્ષ મૂક્યા છે. તેઓ સત્યના આગ્રહી હંમેશ માટે રહ્યા છે.

ગાંધીજીના ગીતા માટેના ખ્યાલો વિશાળ હતા. ગાંધીજીને મન ગીતા એક આધ્યાત્મિક નિદાન ગ્રંથ છે. ગાંધીજીએ મૂંજવણના કોઈ પણ પ્રસંગે ગીતાનું શરણું લીધું હતુ. જીવનના કોઈ પણ પ્રશ્નનું નિરાકરણ મળી શકે એવું અદભૂત રસાયણ ગીતાનું ગીતામાં રહેલું છે. ગીતાનું મનન કરવાથી તેમાંથી નવા નવા અને સુંદર અર્થો મળતા રહે છે. તેમજ એક પ્રકારનો આનંદ અનુભવાય છે. એ ગીતાની ખૂબી છે. તેનું મનન અને ચિંતન વધુ તેમ તેમાં શ્રદ્ધા વધતી જાય અને તેના આચરણની દિલચશ્પી વધે તેવી મોહકતા અને રોચકતા તેના કાવ્યમય તત્વજ્ઞાનમાં પડેલી છે. ગાંધીજી તેમના દરેક કૃત્ય માટે ગીતામાંથી આદાર શોધતા હતા. પુસ્તકોમાંતી ગાંધીજીને જીવનના રત્નો પ્રાપ્ત કરેલાં છે.

હિન્દુસંસ્કૃતિનું પૂજનીય પુસ્કત ગીતાએ આપેલ મૂલ્યો સનાતન છે. દરેક કાળમાં દરેક પરિસ્થિતિમાં દરેક માણશને તે ઉપયોગી છે. તે તમામ સાંપ્રદાયિકતાથી મુક્ત છે. એનો ઉપદેશ દેશકાળની મર્યાદા વિના દુનિયાના હરકોઈ માનવ હૃદયને એક સરખો સ્પર્શે છે. ગીતા આપણા સદ્દગુરૂ રૂપે કે માતા રૂપે છે. જ્યારે ભીડમાં વી પડીએ ત્યારે આપણે તેની પાસેથી આશ્વાસન લઈ શકીએ છીએ અને સલામતિ અનુભવીએ છીએ. સામાન્ય કૌટુંબિક ઝઘડાની યોગયતા કે અયોગ્યતાનો નિર્ણય કરવા માટે પણ ગીતા જેવું બીજું કોઈ પુસ્કત નથી. જ્ઞાન, ભકિત અને કર્મનો સુંદર સુમેળ સાધી જીવન જીવવાની ચાવી આપતો ગીતાનો અમૂલ્ય સંદેશ જીવન જીવવાની ચાવી આપતો ગીતોનો અમૂલ્ય સંદેશ જીવન જીવવાની ચાવી આપતો ગીતાનો અમૂલ્ય સંદેશ જીવન વ્યવહારમાં જીવી બતાવીને ગાંધીજીએ માનવ સમાજ સમક્ષ ક જીવંત, પ્રેરક અને અમૂલ્ય દ્દષ્ટાંત પુરું પાડ્યું છે.

ગીતાના કર્મ ફલ ત્યાગના વિશિષ્ટ સિદ્ધાંતનો ગાંધીજીઓ પોતાના સેવા કાર્ય દ્વારા જીવનમાં અમલ કરી બતાવ્યો છે તે અદ્વિતીય ચે. ગાંધીજીએ તેમના જીવન દરમિયાન એક પણ ક્ષેત્રમાં કામ કરવાનું બાકી રાખ્યું નતી. મ કહી શકાય. ધર્મ, રાજકારણ, શિક્ષણ, સાહિત્ય, અર્થવ્યવસ્થા, આહાર, આરોગ્ય કે સમાજ સેવાનાં અનેક ક્ષેત્રોમાં દરેકમાં પોતે કરેલા પ્રયોગો કે અનુભવોના આધારે આગવા આમૂલ વિચારો પ્રજા સમક્ષ મૂકયા પણ તે બધાં નિષ્કામ ભાવે – કોઈ પણ ફળની આસા વિના ફકત સેવા ભાવના દ્વારા ભારતીય સમાજના ઉત્કર્ષ માટે જ. તે કોઈ પ્રચાર કે બોધ માટે નહી. ગાંધીજીના જીવનનું આ વિશિષ્ટ પ્રદાન છે. જેનું સમગ્ર મૂળ ગીતાના મહાન સિદ્ધાંતોમાં રહેલું છે. સાદગી, સત્યનું આચરણ ગીતાના મૂલ્યો છે.

ભારતીય સમાજનું સાચું પ્રતિબિંબ ભાગવત ગીતા પુસ્તક પર આધારિત છે. ગીતા મહાભારતનો એક ભાગ હોવા છતાં એ ઐતિહાસિક ગ્રંથ નથી. પણ ધર્મનું દર્શન કરાવતું શાસ્ત્ર ચે. માનવ હૃદયમાં દેવી આસૂરી બળો વચ્ચે સતત ચાલતા દ્વંદ્વ યુદ્ધની નિર્થકતા સિદ્ધ કરી બતાવી ચે વિજેતા પાસે પશ્ચાતાપ કરાવ્યો છે. સહન કરાવ્યું છે. દુઃખ સિવાય બીજું કાંઈ રહેવા દીધું નથી. ગાંધીજીએ પ્રથમ વખત ગીતા વાંચી ત્યારથી બીજા અધ્યાયના છેલ્લા ૧૯ શ્લોકો ગીતાનો અર્થ સમજવાની ચાવી ચે. તેમાં સંસ્કારી બુદ્ધિ અને અનુભવો સાથેનું સંપૂર્ણ જ્ઞાન છે. બધા ધર્મગ્રંથોનો આશય આત્મદર્શન કરવાનો અદ્વિતીય ઉપાય બતાવવાનો છે. એ છે કે કર્મ ફલ ત્યાગ છે.

જીવનમાં ફલ ત્યાગ માટેની ત્યાગ શકિત ઉત્પન્ન કરવા માટે જ્ઞાન જોઈએ જ્ઞાની ભોગ રહિત હોવો ઘટે એટલે જ્ઞાન સાથે ભકિત જોઈએ. ભકિતને બાહ્ય ક્રિયાકાંડ સાથે સંબંધ નથી. એટલે, સ્થિતપ્રજ્ઞના ગીતામાં દર્શાવેલા લક્ષણો આત્મસાત કરવાં પડે. જ્ઞાન અને ભકિતથી આમ આત્મદર્શન થાય. મોક્ષ એટલે પરમ શાંતિ મળે પરંતુ કર્મ વિના કોઈ સિદ્ધિ પામ્યા નથી.

માનવ કર્મના બંધનમાં બંધાયેલો છે. માનવ જન્મથી જ કર્મના તાંતણે બંધાયેલો છે. કર્મ બંધરૂપ છે. મનુ,ય ઈચ્છા કે

© RRIJM 2015, All Rights Reserved

અનિચ્છાએ કર્મ કર્યા કરે છે તો તે બંધન મુક્ત કેમ રહે ?આ કોયડાનો ઉકેલ ગીતીજી જેવા બીજો કોઈ ગ્રંથે કર્યો નથી. ગીતાજીએ ફલાશકિત છોડી નિષ્કામ થઈ કાર્ય કરવાનું કહ્યું છે. કર્મ છોડે તે પડે. કર્મ કરવાં છતાં તેના ફળ છોડે તે ગીતાનો મુખ્ય ધ્વનિ છે. ગીતાકારે અનાસકિતનો સિદ્ધાંત જગત સમક્ષ બહુ આકર્ષક રીતે મૂક્યો છે અને ધર્મને વ્યવહારમાં ઉતાર્યો છે. જે ધર્મ વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ નથી. વ્યવહાર અને ધર્મ વિરોધી છે. એવો વહેમ ગીતાઓ દૂર કર્યો છે.

જે કર્મ આસકિત વિના થઈ જ ન શકે તે બધા ત્યાજ્ય એ ગીતાનો સુવર્ણ નિયમ મનુષ્યને અનેક ધર્મ સંકટોમાંથી બચાવે છે અને મનુષ્યજીવન સરળ અને શાંતિમય બનાવે છે.

આવા સમૃદ્ધ વિચારસરણીના આધારે ગાંધીજીએ પોતાના જીવનકાર્ય દરમિયાન સાધન શુદ્ધિનો સતત આગ્રહ સેવ્યો છે. આવા વિચારસરણીને વરેલા માણસને અસત્ય બોલવાની કે હિંસા કરવાની લાલચ થતી નથી. સત્ય અને અહિંસાનું પાલન કરે છે. સત્ય અને અહિંસાના સંપૂર્ણ પાલન વિના કર્મ ફલ ત્યાગ અસંભવિત છે.

મહાત્મા ગાંધીજીના ગીતામય જીવન દ્વારા સ્વધર્મ અને પુરુષાર્થનું મૂલ્ય સમજાય તો સાચા સુખ શાંતિ મળવાની ચાવી જડે તેમ છે. સમાજમાં ઓછો પરિશ્રમ કરીને વધુ ફલ પ્રાપ્ત કરવાની જે દોટ જોવા મળે છે. તેમાંથી મુક્ત થવાનો ઉપાય છે. સેવા વિનાનું જીવન વ્યર્થ છે. સેવાથી જ સમાજ અને વ્યકિત બંને ટકે છે. 'જીવન સેવાને સારું છે. ભોગને સારું નથી' એ જીવનમંત્ર દ્વારા સમાજની સમૃદ્ધિનું ઉત્તમ સાધન સેવા જ છે. તે સત્યનું દ્રષ્ટાંત પુરું પાડી ગાંધીજીઓ ગીતાની અત્યંત વ્યવહારુકતા સિદ્ધ કરી બતાવી છે. ગાંધીજી સાચા ગીતાના ઉપાસક છે.

**સંદર્ભ:**

૧. ગાંધીજી અને ગીતા (પૃ.૫૩, ૫૪)
આચાર્યશ્રી સૌભાગ્યચંદ્ર કે. શાહ

© RRIJM 2015, All Rights Reserved 